# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૮૦/કવા–૦૨/૧૬–૧૭/ ૧૦૨૮૩ તા. ૦૭/૧૧/૧૬

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
રાજેશ જીનીગ ફેકટરી,
કમલાપુર રોડ,
જસદણ,
પીનકોડ–૩૬૦૦૫૦

વિષય :–ઓડિટ રીકવરી ચાર્જ બાદ કરવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૩૦–૦૮–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૮૦/કવા–૦૨/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે. અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૨ )

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી જસદણ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, જસદણ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૮૦/કવા–૦૨/૧૬–૧૭ | કમિટિ મીટીગ તા.૧૧–૧૧–૧૬ | સ્થળ :–રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામઃ રાજેશ જીનીગ ફેકટરી,ગામઃ જસદણ

રજુઆત કરનાર : અરજદાર રાજેશ જીનીગ ફેકટરી ના ભાગીદાર શ્રી વસંત તલશીભાઈ સાકરીયા હાજર રહેલ હતા.

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, જસદણ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી જસદણ)

રજુઆત કરનાર :એ.ડી.સૈયદ, નાયબ ઈજનેર (ટેક) વિભાગીય કચેરી જસદણ

**: હુકમ :**

**ફરીયાદ : ઓડિટ રીકવરી ચાર્જ બાદ કરવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચાઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના જોડાણ નં.૩૪૯૦૧/૦૭૯૧૮/૨ ( એલ.ટી.એમ.ડી –૭૩ કીવો), જે કોટન જીનીગ ના હેતુ માટે નુ જોડાણ છે. અને આ જોડાણ મા, તેઓએવર્ષ–૨૦૧૩–૧૪ મા '' ઓફ સીઝન '' નો લાભ પણ મેળવેલ છે. આમ, સીઝનલ ઘંઘાવાળુ આ જોડાણ, ખાસ કરીને ચોમાસાની સીઝન ના માસ મા બંઘ હોય, વર્ષ દરમ્યાન ના મોટા ભાગના મહિનાઓમા, તેઓના જોડાણ વાળુ સ્થળ બંધ રહેલ હોય, અને આ સમયે વીજવપરાશ પણ બીલકુલ ન હોય, તેમ છતા પીજીવીસીએલ તરફથી તેઓને, વર્ષ–૨૦૧૩–૧૪ દરમ્યાન ના ૧૨ માસ ની આકારણી ની કુલ રકમ રૂ.૧,૮૦,૨૨૩/– ની રીકવરી નુ, પ્રાશ્ચ્યાત અસર થી પુરવણી બીલ અપાયેલ હોય, જે પુરવણીબીલ ને અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંઘક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી ના અનુસંઘાને, પીજીવીસીએલ તરફથી સ્પષ્ટતા કરતા, ફોરમ કમિટી ને જણાવવામા આવેલ છે કે, અરજદાર નુ સદર જોડાણ નં.૩૪૯૦૧/૦૭૯૧૮/૨ ( એલ.ટી.એમ.ડી –૭૩ કીવો), જે કોટન જીનીગ પ્રક્રીયા હેઠળ નુ સીઝનલ જોડાણ છે. આ જોડાણ મા અરજદારે માહે વર્ષ–૨૦૧૩–૧૪ ના સમયગાળા મા '' સીઝનલ ઓફ '' નો લાભ પણ મેળવેલ છે. પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવા નામદાર જીઈઆરસી ના ટેરીફ ઓર્ડર મા કરાયેલ જોગવાઈ મુજબ, '' જેટલા મહિનાઓ માટે સીઝનલ ઓફ નો લાભ મળેલ હોય, તે ઓફ સીઝન ના મહિનાઓ મા, આવા જોડાણો મા ખરેખર વીજવપરાશી એવો યોગ્ય વપરાશ, જે ઓફ સીઝન ના મહિનાઓમા થયેલ ન હોવાના કારણોસર '' ઓફ સીઝન નો સમયગાળો પુરો થયા પછી ના, '' આવા જોડાણ મા અગાઉ ઓફ સીઝન ના મહિનાઓ દરમ્યાન ન થયેલ વીજવપરાશ ''જે સીઝન ના સમયગાળા ના માસ મા થવો જરૂરી છે. આ બાબત, બીલીગ અન્વયે ના નિયમાઘીન યોગ્ય છે. પરંતુ, અરજદાર શ્રી ના સદર જોડાણ મા, વર્ષ–૨૦૧૩–૧૪ દરમ્યાન ના સંપુર્ણ વર્ષ મા, આ મુજબ નો નિયમાઘીન નિર્ધારીત એવો નિયત વીજવપરાશ ( એન્યુઅલ મીનીમમ ગેરંટી હેઠળ મુકરર થયેલ વીજવપરાશ) થયેલ ન હતો. એટલેકે, આ વર્ષ–૨૦૧૩–૧૪ દરમ્યાન નિર્ધારીત એવો નિયત વીજવપરાશ, જે ખરેખર રકમ રૂ.૨,૩૪,૭૨૩/૭૫ નો થવા યોગ્ય હોવા છતા, માત્ર આ વર્ષ–૨૦૧૩–૧૪ મા, ૩૯૦૮ યુનીટ નો, રૂ.૫૪,૫૦૦/૨૦ નો વીજવપરાશ થયેલ છે. આ ગણતરી એ, સદર જોડાણ મા, વર્ષ–૨૦૧૩–૧૪ દરમ્યાન, એન્યુઅલ મીનીમમ ગેરંટી હેઠળ, થયેલ વીજવપરાશ મા, ખરેખર રકમ રૂ.૧,૮૦,૨૨૩/૨૫ ની ઘટ, જે સદર જોડાણ ના બીલીગ એકાઉન્ટ મા જણાયેલ હતી. આ બાબત , પીજીવીસીએલ ની ઓડિટ ટીમ ના ઘ્યાને આવતા, સદર ઘટતી રકમ રૂ.૧,૮૦,૨૨૩/૨૫ નુ જે રીકવરી સબબ નુ પુરવણી બીલ આપવાની દરખાસ્ત થયેલ હતી. સદર દરખાસ્ત નિયમાઘીન હોય, પીજીવીસીએલ ની સબંઘક પેટા વિભાગીય કચેરી તરફથી ફરીયાદી અરજદાર શ્રી ને, વર્ષ–૨૦૧૩–૧૪ માટે, તેમના સદર ઓર્ઘોગીક વીજજોડાણ મા '' એન્યુઅલ મીનીમમ ગેરંટી '' અન્વયે ની ગણતરી સબબ ની ઘટતી રકમ નુ જે સવાલવાળુ પુરવણીબીલ અપાયેલ છે, તે પીજીવીસીએલ ના નિયમાઘીન યોગ્ય છે. |

મુદદા નં.–૩ :

: નિષ્કર્ષ :

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી ના સદર સીઝનલ ઓર્દ્યોગીક વીજજોડાણ મા, વર્ષ–૨૦૧૩–૧૪ માટે, નામદાર જીઈઆરસી પ્રારીત ધારાધોરણ અન્વયે ની જોગવાઈ ના અનુસંધાને, પીજીવીસીએલ મા પ્રવર્તમાન નિયમ અન્વયે, જે તે વર્ષ માટે મુકરર થયેલ નિયમાધીન નિર્ધારીત એવો નિયત વીજવપરાશ ( એન્યુઅલ મીનીમમ ગેરંટી હેઠળ મુકરર થયેલ વીજવપરાશ) થયેલ ન હતો. આ ગણતરી મુજબ, સદર જોડાણ મા વર્ષ–૨૦૧૩–૧૪ માટે નો વીજવપરાશ, જે ખરેખર રકમ રૂ.૨,૩૪,૭૨૩/૭૫ નો થવા યોગ્ય હોવા છતા, વર્ષ–૨૦૧૩–૧૪ મા, માત્ર ૩૯૦૮ યુનીટ નો જ રકમ રૂ.૫૪,૫૦૦/૨૦ નો જ વીજવપરાશ થયેલ છે. આમ, સદર જોડાણ મા, વર્ષ–૨૦૧૩–૧૪ દરમ્યાન, એન્યુઅલ મીનીમમ ગેરંટી હેઠળ થયેલ વીજવપરાશ ની ગણતરી અન્વયે, ખરેખર રકમ રૂ.૧,૮૦,૨૨૩/૨૫ ની ઘટ, જે સદર જોડાણ મા વર્ષ–૨૦૧૩–૧૪ માટે ના બીલીંગ એકાઉન્ટ મા જણાયેલ હતી. આ બાબત , પીજીવીસીએલ ની ઓડિટ ટીમ ના ધ્યાને આવતા, સદર ઘટતી રકમ રૂ.૧,૮૦,૨૨૩/૨૫ નુ જે રીકવરી સબબ નુ પુરવણી બીલ આપવાની દરખાસ્ત, જે પીજીવીસીએલ સમક્ષ થયેલ હતી. સદર દરખાસ્ત નિયમાધીન હોય, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી ફરીયાદી અરજદાર શ્રી ને, વર્ષ–૨૦૧૩–૧૪ માટે, તેમના સદર ઓર્દ્યોગીક વીજજોડાણ મા '' એન્યુઅલ મીનીમમ ગેરંટી '' અન્વયે ની ગણતરી સબબ ની ઘટતી રકમ નુ જે સવાલવાળુ પુરવણીબીલ અપાયેલ છે, તે પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય હોવાનુ ફોરમ કમિટી ઠેરવે છે. ફરીયાદી અરજદાર શ્રી એ ફોરમ સમક્ષ ઉપસ્થિત રહીને, તેમના સદર જોડાણ ના વર્ષ–૨૦૧૩–૧૪ ની, એન્યુઅલ મીનીમમ ગેરંટી હેઠળ, ઘટતી રકમ ની જે ગણતરી કરી અને પુરવણીબીલ અપાયેલ છે, તે પુરવણીબીલ, જે વર્ષ–૨૦૧૩–૧૪ ના પ્રત્યેક માસ ની ગણતરી એ તૈયાર કરેલ ગણતરીપત્રક મેળવવા માટે ની વિનંતી કરેલ હોય, જે ફોરમ કમિટી એ માન્ય રાખેલ હોય, અરજદાર શ્રી ને સદર ગણતરીપત્રક, જે ખાસ પત્ર સાથે, અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા મોકલી આપવ સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

મુદદા નં.–૪ :

હુકમ

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ તેમના જોડાણ મા વર્ષ–૨૦૧૩–૧૪ માટે ની એન્યુઅલ મીનીમમ ગેરંટી અન્વયે ઘટતી રકમ નુ જે પુરવણીબીલ અપાયેલ છે, તે યોગ્ય છે. તેમ છતા, અરજદાર શ્રી ને, તેમના જોડાણ મા વર્ષ–૨૦૧૩–૧૪ દરમ્યાન ના સદર પુરવણીબીલ ની પ્રતિમાસ ગણતરી અન્વયે નુ ગણતરીપત્રક, જે ખાસ પત્ર સાથે, અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા મોકલી આપવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશં આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫''** સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..